

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

*આ તોડફોડ-ખેંચતાણ કલાનો મહાકુંભ જ છે !*
*ગૂલાંટબાજ કલાકારો, કલાનો મહાકુંભ છે !*
*આ કલાકારો, હસાવે ને આંસુ સારે મગર બની -*
*નાટક કરી ભરે ઘર, આ કલાનો મહાકુંભ જ છે...*
*(રાજકીય કલાકારો)*

હાઈકુ

*મળે છે સત્તા,*
*જનમતથી નહીં -*
*તોડફોડથી...*

*થયા બદનામ,*
*ગંદી રાજનીતિથી -*
*ચાણક્ય પણ...*

### ચિંતન

**આત્માયત્તૌ વૃદ્ધિનાશૌ ।**

**ઉપરોક્ત શ્લોક ચાણક્યસૂત્રમાંથી લેવામાં આવેલ છે.**

**વૃદ્ધિ અને વિનાશ આપણા જ હાથમાં છે.**

**મનુષ્ય જાતે જ પોતાના ઉત્થાન અને પતનનો કારણભૂત હોય છે. એ જ રીતે રાષ્ટ્રની ઉન્નતિ અને રાષ્ટ્રનું પતન પણ રાજા અને પ્રજા બંનેના હાથમાં હોય છે. રાજા અને પ્રજા બંને યોગ્ય અને બુદ્ધિમાન હોય, બુરાઈઓથી દૂર રહેતા હોય તો દેશ આપમેળે જ ઉન્નતિ સાધે છે. પરંતુ રાજા અને પ્રજા બંને દુરાચારી અને અનીતિમય હોય તો દેશનો વિનાશ થાય છે.**

**માનવી પોતે જ જેમ પોતાના ઉત્થાન અને પતનનું કારણ બને છે એમ, કાશ્મીર પૃથ્વી ઉપરનું સ્વર્ગ હતું પણ ત્યાંની પ્રજાને 'સ્વાતંત્ર્ય'ની ઘેલછા લગાડી નેતાઓ એ યુવાનોને ગેરમાર્ગે દોર્યા અને નર્ક ઊભું કર્યું. કાશ્મીરી પ્રજા સ્વતંત્ર અને સુખી જ હતી. રાજા-પ્રજા ધારે તો સ્વર્ગ કે નર્ક ઊભુ કરી શકે.**

### સુવિચાર

- દિલની વાત ધ્યાનથી સાંભલજો, સપનાની દિશામાં આગળ વધજો, તમારામાં ધગશ અને ચારિત્ર્ય હશે તો, 'નો ડ્રીમ ઈઝ ટુ બીગ' - **માઈકલ ડેલ**
- સમજણ તો ઠીક છે, પરંતુ 'કોઠાસૂઝ'ની તોલે કંઈ ન આવે - **ફાધર વાલેસ**
- તમારે સ્પર્ધાના વિચારમાંથી વહેલી તકે છૂટવું જોઈએ, તમે સર્જન કરવા માટે છો, જે સર્જાઈ ચૂક્યું છે તે પામવાની સ્પર્ધા કરવા માટે નહીં - **અકીઓ મોરિટા**
- પૈસાને જો તમે મુક્તિનો માર્ગ માનતા હશો તો તમને કયારેય પૈસા નહીં મળે, સાચી સુરક્ષા જ્ઞાન અનુભવ અને આવડતમાંથી મળે છે, પણ આ ત્રણેય પૈસા વગર અપંગ છે - **હેન્રી ફોર્ડ**
- નિષ્ફળતા એટલે 'સફળતા કેમ મેળવવી' એ વિષયનો શિક્ષક - **મુંબઈ સમાચાર**
- જીવન આપણને નહિં, આપણે જીવનને જવાબદાર છીએ - **રોબિન શર્મા**
- આજનું ઔષધ : દસ તુલસીના પાન સાથે પાંચ મરીના દાણા ચાવીને ખાવાથી ચક્કર આવતા બંધ થાય છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

અયોગ્ય શક્તિના પ્રદર્શનની સત્તા હાંસલ કરી શકાય, સુખશાંતિ નહીં. શક્તિનો ઉપયોગ જો સર્જનાત્મક, રચનાત્મક કાર્યોમાં થાય તો સમાજમાં ચારે તરફ સ્નેહ, શાંતિ, અને આનંદનું વાતાવરણ બને છે. એક મહાનગરમાં આંધી આવી. મોટા મોટા વૃક્ષો ધરાશાયી થયા. કાચા ઝૂંપડા જમીનદોસ્ત થઈ ગયા. અનેક લોકોના મોત થયા. આંધીને લીધે ઘણા લોકો બેઘર પણ થયા. અન્ય શહેરો સાથે મહાનગરનો સંપર્ક પણ તૂટ્યો. ચારે તરફ અવ્યવસ્થા ફેલાઈ ગઈ. આંધીએ આ દૃશ્ય જોઈને પોતાની શક્તિના ગુમાનમાં પોતાની નાની બહેન લહેરખીને કહ્યું, 'તું શું મારી જેટલી તાકાત પ્રાપ્ત કરવા નથી માગતી ? જયારે હું ચાલું છું તો મોટા મોટા વૃક્ષો પણ ઝુકી જાય છે. વિશાળ વહાણો તણખલાની જેમ ફેંકાઈ જાય છે. ઝૂંપડાની તો મારી સામે કોઈ વિસાત નથી. મને જોઈને માણસો પણ ઘરમાં પુરાઈ જાય છે. પશુ-પક્ષી પણ પોતાનો જીવ બચાવીને ભાગે છે.' આંધીની આવી વાતો સાંભળી લહેરખીએ કોઈ પ્રતિસાદ ન આપ્યો. અને તે પોતાની યાત્રા પણ નીકળી ગઈ. તેને જોઈને નદીઓ, જંગલો, ખેતરો બધા ખીલખીલાટ થઈ ડોલવા લાગ્યા. બગીચાના ફુલો પણ મસ્તીમાં આવી લહેરાવા લાગ્યા. તેની સુગંધ પણ ચારે તરફ ફેલાઈ ગઈ. કોયલ પણ મીઠું ગાવા લાગી. માનવમન પણ ખીલી ઉઠ્યું અને ચારેકોર આનંદની વાસંળી વાગી. આ રીતે એક પણ શબ્દ બોલ્યા વિના પોતાના મૌન કાર્ય દ્વારા જ લહેરખી એ પોતાની શક્તિનો પરિચય આંધીને કરાવી દીધો.

# આકાશી વચનો અધૂરાં રહ્યાં છે...

**તંત્રીસ્થાનેથી...**

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૨૦ જુલાઈના રોજ ગુજરાતની મુલાકાતે આવી કેટલીક લોક કલ્યાણકારી યોજનાઓનું ખાતમુર્હૂત કે લોકાર્પણ કરવાના હતા. હવે તેઓ આવશે તો પણ વરસાદથી પેદા થયેલી વિકટ પરિસ્થિતિનું નિરીક્ષણ કરવા. ગુજરાત અતિવૃષ્ટિનો ભોગ બનવા લાગ્યું છે તે ઋતુચક્રના ફેરફાર અને ગ્લોબલ વોર્મિંગનો જ પ્રતાપ છે. કલ્પના પણ ન કરી હોય તેવાં સ્થળોએ મેઘો મન મૂકીને ખાબક્યો છે. બારે મેઘ ખાંગા થયા છે અને ઉત્તર તથા મધ્ય ગુજરાતને બાદ કરતાં બાકીના ગુજરાતને જળબંબાકાર કરી મૂક્યું છે. સરકાર ઊંઘતી ઝડપાઈ છે એમ કહેવું બરાબર નહીં લાગે, હા, ડિઝાસ્ટર મૅનેજમેન્ટની બાબતમાં હજી આપણે ઘણું શીખવાનું છે એટલો બોધપાઠ આ વખતના ચોમાસાને જરૂર ભણાવી દીધો છે. હવામાન વિભાગની આગાહીઓ નબળી કાં તો ખોટી સાબિત થઈ છે. વિજ્ઞાનને પણ ભગવાન એની લગોલગ તો ન જ પહોંચવા દે ને ! ગુજરાત સરકારની રાહત કામગીરી સામે આંગળી ચીંધાય તે પહેલાં જ આખું રૂપાળી મંત્રીમંડળ અસરગ્રસ્ત વિસ્તારોમાં પહોંચી ગયું છે. ખુદ મુખ્યમંત્રીએ જોખમ ઉઠાવીને ગીર સોમનાથ પંથકમાં પહોંચી પરિસ્થિતિનું આકલન કર્યું છે. હૅલિકોપ્ટર ઊતરી શકે એમ ન હોઈ એમણે જેતપુરથી સોમનાથ મોટર માર્ગે પહોંચી કામગીરી સંભાળી તેની નોંધ લેવી જોઈએ. એમણે મંત્રીઓને પણ અસરગ્રસ્ત જિલ્લાઓમાં સ્થળ પર રહી રાહતકાર્ય સંભાળવાના આદેશ આપી પરિસ્થિતિની ગંભીરતા મુજબ યોગ્ય પગલું ભર્યું છે. ગુજરાત વડાપ્રધાન અને શાસક પક્ષના રાષ્ટ્રીય અધ્યક્ષનું હોમ સ્ટેટ છે. એને મોડેલ સ્ટેટ તરીકે પ્રસ્થાપિત કરી આખા દેશમાં વાહ વાહ કરાવ્યા પછી જો ભગવાન ભરોસે મૂકી દેખાય તો ૨૦૧૯નું વર્ષ 'ભારે' સાબિત થાય. મોદી-શાહથી લઈ રૂપાણી સુધીના તમામ નેતાઓ આ હકીકત બરાબર સમજે છે. ચોમાસું સત્રમાં સંસદ પણ ઘણી તોફાની બની રહેવાની સંભાવના છે. ટ્રિપલ તલાક મુદ્દે કોંગ્રેસ ભાજપના પ્રસ્તાવને સમર્થન આપશે પણ બીજી તરફ મહિલા અનામત બિલ રજૂ કરવાનો આગ્રહ પણ રાખશે. દેશભરમાં થઈ રહેલ 'મોબ લિન્ચિંગ' અને જઘન્ય અપરાધો સામે ઊહાપોહ થશે. ટોળા દ્વારા હત્યાના કિસ્સાઓ તરફ પોલીસના ઢીલા વલણનો ઉગ્ર વિરોધ થશે. જયંત સિન્હા જેવા મંત્રીઓ હત્યારાઓના સન્માનમાં હાજર થઈ જાય તે કેવી વિડંબના છે ! સ્વામી અગ્નિવેશની સાથે જે દુર્વ્યવહાર થયો છે તે નિંદનીય જ ગણાય. ગૌરક્ષાના નામે થતા હુમલા, ટોળાં દ્વારા નિર્દોષ લોકોની મારપીટ વગેરેને કારણે પ્રજામાં વિચિત્ર પ્રકારની દહેશત અને અસલામતીની લાગણી પ્રવર્તી રહી છે. કોંગ્રેસ સહિત અનેક નાના મોટા પક્ષો સાથે મળીને સરકાર વિરુદ્ધ અવિશ્વાસની દરખાસ્ત લાવવાનું વિચારી રહ્યા છે. વડાપ્રધાને સંસદ સુચારું રૂપે ચાલે અને નક્કર કામકાજ કરી શકાય એ માટે બધાનો સહયોગ માગ્યો છે. પરંતુ કાશ્મીર સહિત અનેક સવાલો મોં ફાડીને ઊભા હોય ત્યારે વિરોધ પક્ષો મોં વકાસીને બેસી થોડા રહેશે ? પ્રજાનાં નાણાંનો બેફામ દુરુપયોગ કરતા નેતાઓને કોણ કહેશે કે ચૂંટણીલક્ષી અભિગમ અપનાવી ધર્મ-સંપ્રદાય અને જાતિઓ વચ્ચે ભેદભાવ ઊભા કરાવી સત્તા તો અંકે કરી શકાશે પરંતુ જે આકાશી વચનો આપેલાં એનું શું ? એ તો બધાં હવાઈ ગયાં છે. આકાશ પણ હવે વીફર્યું છે!

# ડેન્ગ્યુ : આટલું જાણવું જરૂરી છે



પહેલું સુખ તે જાતે નર્યા
ડૉ. કેદાર ઉપાધ્યાય

દર વર્ષે આ સીઝનમાં ડેંગ્યુના વાયરા જોવા મળે છે. તંત્રની બેદરકારી ગણો કે વ્યક્તિગત બેદરકારી ગણો, ડેંગ્યુ વરસોવરસ વણનોતર્યો મહેમાન બને જ છે અને કેટલાયને હેરાન કરી નાખે છે. ડેંગ્યુ બાબતે વધુ ચિંતીત એટલે થવુ પડે કારણકે ડેંગ્યુ મારક બની શકે છે. જો સમયસર સારવાર ન આપવામાં આવે તો વ્યક્તિનો જીવ જોખમમાં મુકાઈ શકે છે.

ડેંગ્યુ વિષેની પ્રાથમિક માહિતી બહુ ટુંકમાં જોઈએ. ડેંગ્યુ વાઈરસ જનીત રોગ છે અને મચ્છરોથી ફેલાય છે. ડેંગ્યુના વાઈરસ વ્યક્તિના લોહીમાં ભળી પોતાની વૃધ્ધિ કરે છે. ડેંગ્યુના મુખ્ય લક્ષણો ખૂબ તાવ આવવો, શરીરમાં કળતર થવી, માથુ દુખવું, ભૂખ ન લાગવી, આદિ છે. લોહીની તપાસ કરાવતા પ્લેટલેટ કાઉંટ ઓછા થયેલ જોવા મળે છે.

જ્યારે વ્યક્તિ ડેંગ્યુની સારવાર કરાવવા માટે જાય ત્યારે મોટાભાગે તેને તાવ ઉતારવા માટે પેરાસીટામોલ પ્રકારની ગોળીઓ, વીટામીન અને મીનરલ સપ્લીમેંટ અને સંપૂર્ણ આરામની સલાહ આપવામાં આવે છે. એકાદ અઠવાડીયા જેવી ટ્રીટમેંટ અને આરામ કરવાથી ડેંગ્યુ કાબૂમાં આવી જાય છે. અમુક સમયે જ્યારે પ્લેટલેટ કાઉંટ એકદમ ઘટી ગયા હોય અને વ્યક્તિની ઈમ્યુનિટી સાવ ઓછી હોય તેવા સમયે દર્દી તેમજ તેના પરિવારજનો બીજા "ઓપ્શન્સ" વિચારે છે.. અને ત્યારે આયુર્વેદ તરફ મીટ માંડે છે.

આયુર્વેદમાં ડેંગ્યુને મટાડી દેવાનો કોઈ સચોટ ઈલાજ નથી. પણ વ્યક્તિની ઈમ્યુનિટી વધારવા માટેના શ્રેષ્ઠ ઔષધો ઉપલબ્ધ છે. આ ઉપરાંત પપૈયાના પાન જેવી અમુક ઔષધીઓ જો લાગૂ પડી જાય તો તાત્કાલિક ધોરણે પ્લેટલેટ કાઉંટ વધારી આપે છે. આયુર્વેદનો મૂળ હેતુ જ સ્વસ્થના સ્વાસ્થ્યનું રક્ષણ કરવાનો છે. એટલે જો ઈમ્યુનિટી વધારનારી અને શરીરનું ઓજસ વધારનારી ઔષધીઓનો નિયમીત ઉપયોગ કરવામાં આવે તો ડેંગ્યુ જેવી બિમારીઓને ભોગવવાનો વારો ન આવે.

પપૈયાના પાનની ડેંગ્યુ પરની અને ખાસ તો પ્લેટલેટ પરની અસર ખૂબ ચર્ચામાં છે. તેના સો ટકા રીઝલ્ટ તો નથી પણ તેને જરૂરથી અજમાવી શકાય. મોટા ભાગના કેસમાં એવું જોવા મળ્યુ છે કે પપૈયાના પાનનો રસ પીવાનો શરૂ કરૂ કે બે ત્રણ દીવસમાં જ પ્લેટલેટ ખૂબ ઝડપભેર વધવા લાગે છે. જો એક અઠવાડીયા સુધી પણ પ્લેટલેટની સંખ્યામાં કોઈ સુધારો ન જણાય તો માનવું કે પાનનો રસ લાગૂ પડયો નથી. પપૈયાના પાનની સાર્વત્રિક અસર ન થતી હોવાના કારણે જ આધુનિક ચિકિત્સામાં તેને હજુ પૂર્ણ માન્યતા પ્રાપ્ત નથી. આયુર્વેદ ખૂબ ગહન શાસ્ત્ર છે. વ્યક્તિની પ્રકૃતિ, દોષ, બળ આદિ અનેક ફેક્ટરો ના અભ્યાસ બાદ તેને કે ઔષધીઓ આપવી એ નક્કી થાય છે. મારા માટે જે ઔષધી અનુકૂળ છે તે તમારા માટે પ્રતિકૂળ પણ હોઈ શકે. કદાચ આ કારણે જ પપૈયાના પાનની સાર્વત્રિક અસર નહિં જોવા મળતી હોય.

અમુક એવા ઔષધો કે જે વ્યક્તિની ઈમ્યુનિટી વધારવા માટે ઉત્તમ છે તેનો યોગ્ય માત્રામાં ઉપયોગ કરવાથી ચોક્કસ લાભ થાય. જેમકે ગળો, તુલસી, હળદર, પીપર, કડુ-કરિયાતું, લવિંગ, લસણ, મેથી, આમળા, લીમડો આદિનો વ્યક્તિની પ્રકૃતિ અને દોષ અનુસાર ઉપયોગ કરી શકાય. (ઈનફેક્ટ આ ઔષધોનો ૩૬૫ દિવસ વિવેકપૂર્વક ઉપયોગ કરીએ તો ડેંગ્યુ જેવી કેટલીય બિમારીઓથી બચી શકાય)

અગાઉ કહ્યુ તેમ સ્વાસ્થ્ય રક્ષણ એ આયુર્વેદનો મૂળભૂત સિધ્ધાંત છે. આપણે આપણા શરીરને એટલુ સક્ષમ બનાવીએ કે તેમા રોગો પ્રવેશી જ ન શકે. આ માટે આપણી પ્રકૃતિને અનુકૂળ હોય તેવા ઔષધોનું નિયમીત અને માત્રાપૂર્વકનું સેવન ખૂબ જરૂરી છે.

- contact@atharvaayu.com

# અમથા અમથા અડ્યા કે અમને રણઝણ મીણા ચડ્યા



મનના ઉમંગો
રણછોડ પરમાર

અમથા અમથા અમથા
અમથા અડ્યા કે
અમને રણઝણ મીણા ચડ્યા.
એક ખૂણમાં પડી રહેલા
હતા અમે તંબૂર;
ખટક અમારે હતી, કોઈ દિ'
બજવું નહિ બેસૂર
" રહ્યા મૂક થઈ, અબોલ મનડે
છાના છાના રડ્યા -
કે અમને રણઝણ મીણા ચડ્યા.
જનમજનમ કંઈ ગયા વીતી ને
ચડી ઊતરી ખોળ;
અમે ન કિંતુ રણઝણવાનો
કર્યો ન કદીયે ડોળ :
અમે અમારે હ્યાં અઘોરી,
નહીં કોઈને નડ્યા. -
કે અમને રણઝણ મીણા ચડ્યા.
આ જનમારે ગયા અચાનક
અડી કોઈના હાથ;
અડ્યા ન કેવળ થયા અમારા,
તાર તારના નાથ :
સૂર સામટા રહ્યા સંચરી,
અંગઅંગથી દડ્યા. -
કે અમને રણઝણ મીણા ચડ્યા.
હવે લાખ મથીએ ,
નવ તોયે રહે મૂક અમ હૈયું;
સૂરાવલી લઈ કરી રહ્યું છે
સાંવરનું સામૈયું :
જુગજુગ ઝંખ્યા સરોદ સ્વામી
જોતે જોતે જડ્યા. -
કે અમને રણઝણ મીણા ચડ્યા.

હું જાણું છું,બરાબર જાણું છું ; કે જ્યારથી મેં માનનીયશ્રી મનુભાઈ ત્રિવેદીના ભજનો વિષે લખવા કલમ ઉપાડી છે ત્યારથી આપ " કે અમને રણઝણ મીણા ચડ્યા" ભજન સાંભળવા કાન સરવા કરીને બેઠા છો. એટલે આજે તો બીજી કોઈપણ આડીઅવળી વાત કર્યા વગર સૌ પ્રથમ આપના અંતરની ઈચ્છાને માન આપી આપનું પ્રિય ભજન મૂકી દીધું છે.હવે બીજી વાત કરવામાં વાંધો નહીં.

આપણા ગાંધીનગરના આદરણીય મુરબ્બી કવિ-લેખકશ્રી હરિકૃષ્ણભાઈ પાઠકે શ્રી મનુભાઈ ત્રિવેદીના જીવન પરિચયનું પુસ્તક 'મનુભાઈ ત્રિવેદી 'સરોદ' ઉર્ફે 'ગાફિલ' લખ્યું છે. મુરબ્બી નરોત્તમભાઈ પલાણે શબ્દસૃષ્ટિ- ૨૦૧૫ના અંકમાં સરોદ'ના ભજનો નામનો લેખ લખ્યો છે. અમારા ભૂતપૂર્વ અધિકારી અને વડીલ લેખકશ્રી વસંતભાઈ ગઢવી સાહેબે પણ આજ પાના પર એક સરસ લેખ મનુભાઈ અંગે લખ્યો હતો.પાઠક સાહેબનું પુસ્તક હું વાંચી શક્યો નથી. પલાણ સાહેબનો લેખ વાંચેલો છે પણ વિગત કશું યાદ નથી. ગઢવી સાહેબનો આર્ટીકલ પણ વાંચેલો છે પણ કંઈ યાદ નથી. અત્યારે હું સાહિત્ય અકાદમી, ગાંધીનગરે બહાર પાડેલા મનુભાઈ ત્રિવેદી 'સરોદ' નું સમગ્ર સાહિત્યનો ખંડ-૧ વાંચી રહ્યો છું. તેનું સંપાદન મનુભાઈના સુપુત્રશ્રી સુબોધભાઈ ત્રિવેદીએ કર્યું છે. તેમાં 'અલખનાં ઉદ્ધાર' શિર્ષક હેઠળ લલિતભાઈ ત્રિવેદીએ પ્રસ્તાવના લખી છે. પ્રસ્તાવનામાં આપેલી વિગતના આધારે નીચેનો પ્રસંગ લખું છું.

'એમના જમાઈ ભરતભાઈ ઓઝાએ કહેલો એક નાજુક પ્રસંગ, 'સરોદ'નાં ભજનોને સમજાવાની ચાવીરૂપ છે. ૧૯૫૧ માં મનુભાઈ સાવરકુંડલામાં જજ છે, કોર્ટના સમયે સરકારી ઘોડાગાડી તેડવા આવી છે, મનુભાઈ ઘરેથી કોર્ટમાં જવા બેઠા છે , અને ઘોડાગાડી બજારમાંથી પસાર થઈ રહી છે, એકાએક મનુભાઈને લાગે છે કે ઘોડાગાડી ચલાવનાર કૃષ્ણ છે ! એમણે પાછળ બેઠા બેઠા સહેજ નજર કરીને આગળ જોયું તો મોરમુકુટધારી શ્રીકૃષ્ણ એક હાથમાં લગામ બીજા હાથમાં ચાબુક સાથે સસ્મિત ગાડી ચલાવી રહ્યા છે! રસ્તામાં કોઈ રાહદારી આડો ઉતર્યો તો લગામ ખેંચાણી , ગાડી

**અનુસંધાન પાના નં ૭ પર**

# કાર્ય પ્રત્યે નિષ્ઠા હોવી જરૂરી



અદબ-પલાંઠી મોં પર આંગળી
ડૉ. સંતોષ દેવકર

'કેટલા ઉમેદવાર આવ્યાં છે?' બોસે પૂછ્યું. '૧૪૭ સર'. ક્લાર્કે જવાબ આપ્યો. ઓ.કે.,પહેલા લેખિત ટેસ્ટ લઈ લો.'

'યસ, સર.' 'પછી મૌખિક ઈંટર્વ્યુ માટે વારા ફરથી એક-એક-ને મોકલો.'

'યસ, સર.' ૧૪૭ ઉમેદવારો ઈંટર્વ્યુ માટે આવ્યા હતા.ભારતની મલ્ટી નેશનલ કંપની માટે આસી. મેનેજર ની જગ્યા હતી માત્ર એક.

'શું બેકારી વધી છે?'એક ઉમેદવારે પોતાનો બળાપો કાઢ્યો.

'ભણી ગણીને ડીગ્રી મેળવવાનો કંઈ જ અર્થ નથી.' બીજાએ પોતાની વેદના ઠાલવી. લેખિત અને મૌખિક ટેસ્ટ બાદ ટોપ ટેન માં ત્રણ ઉમેદવારો પસંદગી પામ્યા. 'સર, આ ત્રણ ઉમેદવારો માટે....?' 'હા, એક કામ કરો ત્રણે ય માટે ચા-નાસ્તો મંગાવી લો. અને હાપ પછી ત્રણેય ને મારી કેબિનમાં મોકલો.' જી,સર. બોસ પોતાની એ.સી. કેબીનમાં બેઠા છે.ત્રણેય ઉમેદવારો પરમિશન મેળવી અંદર પ્રવેશે છે.બોસની સામેના સોફા પર સ્થાન મેળવે છે.બોસે કહ્યું ,'ચા પીઓ. અને ઉમેર્યં,'તમને દરેકને હું એક સો રુપિયા આપું છુ.આ કંપનીના ગ્રાઉંડ ફ્લોર પર દસ બાય દસની ઓરડી છે. તદ્દન ખાલી છે, તેને ભરી દેવાની છે.બે દિવસ બાદ આપણે મળીશું.' બોસ આદેશ આપીને જતા રહ્યા.

પહેલા ઉમેદવારે વિચાર્યું, 'બોસ ગાંડો થયો લાગે છે.સો રુપિયામાં આવે શુ?'તેણે ઓફિસની બહાર નિકળીને કેંટીનમા જઈ નાસ્તો કરી લીધો.અને પૈસા વાપરી નાખ્યા. બીજા ઉમેદવારે વિચાર્યું, 'કંઈક પણ સારુ ખરીદવા માટે સો રુપિયા ખુબ નાની રકમ છે.' તેણે ખુબ વિચાર કરીને અંતે કચરો, માટી,રેતી,કપચી લાવીને રૂમને ભરી દીધો.ત્રીજો ઉમેદવાર વિચારશીલ હતો.અનેક પુસ્તકો તેણે વાચ્યાં હતા.તે બજારમાં ગયો.તેણે કોડિયું,તેલ અને રુ ખરીધ્યાં. વાટ બનાવીને દીવડો પ્રગટાવ્યો. આખો રુમ પ્રકાશથી ભરાઈ ગયો.ખંડ આખો ઝળહળ થઈ ગયો.

નોકરી માટે ડિગ્રીની સાથે સાથે હવે એટીટ્યુડ પણ ચકાસવામાં આવે છે.ઉમેદવારનો અભિગમ જે તે કંપની માટે અગત્યનો બનતો હોય છે, તેની નોંધ લેવાતી હોય છે.માત્ર માર્કશીટના ટકા જ નહી ઉમેદવારની વૈચારિક સમૃદ્ધિ પણ મહત્વના બને છે. એક અંધારિયા રુમને ભરી દેવા માટે દીવાનું અજવાળું પૂરતુ છે.તે માટે ઝાઝા પૈસા ખર્ચવાની જરુર નથી. દીવો એ જ્ઞાનનું પ્રતીક છે. જ્ઞાનમ સર્વત્ર પૂજ્યતે.સૈદ્ધાંતિક સફળતાની સાથે સાથે મનોવૈજ્ઞાનિક અભિગમ પણ ચકાસવામાં આવે છે.તેમાં સફળ થનારા ઉચ્ચ સ્થાને બિરાજે છે. માર્કશીટમાં પંચાણું ટકા હોય તેવાં શિક્ષકને ભણાવતાં ન પણ આવડતું હોય તેવું બની શકે! શાળાના મોટા મકાનો હોવા માત્રથી શાળાનું શિક્ષણ ગુણવત્તાવાળું જ હોય તેવું માની લેવું મૂર્ખામી છે.જ્યાં અભિગમ નથી,વિચાર નથી, કર્તૃત્વ નથી, તે સંસ્થા હોય કે શાળા સેંટ્રલી એ.સી. હોય તો પણ નકામી જાણવી.ઈંટરર્વ્યુ મેનેજરનું હોય કે શિક્ષકનું તેનો હકારાત્મક અભિગમ મહત્વનો બને છે. વ્યક્તિમાં કાર્ય પ્રત્યે નિષ્ઠા ઉભી ન થાય ત્યાં સુધી તેણે મેળવેલી હજારો ડિગ્રીઓ નકામી નિવડે છે. અતિશય ધારદાર વ્યક્તિત્વમાં જો પ્રમાણિકતાની ધાર નહિ હોય તો તે પર્સનાલીટીનુ કોઈ વજૂદ રહેતું નથી. કહેવાની જરુર ખરી કે ક્યા ઉમેદવારને આસી. મેનેજરનું પદ પ્રાપ્ત થયુ હશે?

મિસરી

અય,જિંદગી! ગરીબો કો મહલોં કે સપને દીખાતી, જીસમેં અમીરોં કો નીંદ નહિ આતી.

# સતત પગરવ કરીને જાય જીવનમાં સ્મરણની ચાલ...



લાગણીનો મેળો
રસિક વાળંદ

બસ બેકરાર હોતું નથી એટલું જ છે.
છત, ભીંત કોઈ રોતું નથી એટલું જ છે.
તારા જવાથી મા હું તો સાવ સામાન્ય થઈ ગયો,
ઘર રાહ મારી જોતું નથી એટલું જ છે.
- ગુલામ અબ્બાસ 'નાશાદ'

● ● ●

'બા સાથે ગયું બાળપણ, ગામ જવાની હઠ છોડી દે -' કવિ મણિલાલ હ. પટેલની આ અનુભૂતિ મારા જીવનનું વાસ્તવ બનતી આઝ અનુભવી રહ્યો છું.

પૂ. બાને સ્વધામ પહોંચ્યાને વરસ થયું. એમની હયાતી વખતે તો દોડીને વતન જતો... હવે પગ ભારે થયા હોય એવું અનુભવાય છે... મા-બાપ વિનાનું વતન હવે પરાયું ને સૂનકારભર્યું લાગે છે. મા-બાપ વિનાનો ખાલીપો સતત પીડે છે... અંદરખાનેથી સાવ એકલવાયો થયાનું સાલે છે. આજે બધું જ છે. લોકનજરે તો સર્વ વાતે સંપન્ન દેખાઉં છું. પ...ણ... ભીતરથી તો એકલા વિનાના મીંડા જેવો જ છું.

આમ તો મારા જીવનમાં મોસાળનું વળગણ સવિશેષ રહ્યું. સાચુ કહું તો મા-બાપનું સાનિધ્ય તો સાંપડ્યું જ નથી. છેલ્લે છેલ્લે બીમારી ટાણે મા-બાપની પાસે રહેવાનું અને સેવા - સુશ્રુષા કરવાનો મોકો મળ્યો. આ એક સો ટચની ફરજપરસ્તી નિભાવ્યાનો હાશકારો આજે અંતરાત્માને રાજી કરે છે.

આપણે 'મા'ને જનની, વાત્સલ્યમૂર્તિ, પ્રેમમૂર્તિ, કરૂણામૂર્તિ, ત્યાગમૂર્તિ, માયાળુ, દયાળુ, સહનશીલતાની મૂર્તિ, સૌજન્યમૂર્તિ, અન્નપૂર્ણા, વહાલસોઈ, પૂજનીય, આદરણીય, મમતાળું, પ્રેમસ્વરુપ, તીર્થોત્તમ, પુણ્યશ્લોક, પ્રેરણામૂર્તિ, ભલી-ભોળી... આવાં અનેકાનેક વિશેષણોથી સંબોધીએ છીએ... પરંતુ વાસ્તવમાં તો આ બધા જ વિશેષણો તો 'મા'ની ગુણ ગરિમા જ છે. જેના કારણે આ રૂપકડી દુનિયા જોવા - માણવા મળી એનો બધો જ શ્રેય એક માત્ર મા ને જ આપી શકાય. મા તો સાક્ષાત્ દેવ સ્વરુપ જ છે... એટલે જ પ્રથમ 'માતૃ દેવો ભવઃ' નું મહિમા ગાન થયું છે.

મા એ મા જ છે.. છતાં માનવ સહજ રાગ દ્વેષ, સ્વાર્થ, છળકપટ તો રહેવાના જ. આખરે તો સંતાન માટે 'મા' તો એક અને અનન્ય જ હોય છે.

દોસ્તો, અબ્રાહ્મ લિંકને તો એવો એકરાર કર્ય છે કે હું જે કંઈ કે જે કંઈ થવા માગું છું એનો બધો જ યશ દેવદૂત જેવી મારી માને ફાળે જાય છે.

હેલન કેલર મા વિશે એવું કહેતા, 'માના વિષયમાં હું શું, કેવી રીતે લખું કે બોલું ? તે મારી એટલી નિકટ છે એટલે તો એના વિશે કંઈ પણ બોલવું વિકટ છે, અને મને એમાં અસંસ્કારિતા લાગે છે.'

અરે, હિટરલ જેવો હિટલર પોતાના ખાનગી ઓરડામાં માત્ર બે જ છબી રાખતો એક પોતાના મરી ગયેલા શૉફરની અને એક છબી પોતાની માતાની.

જયારે હિટલરની 'મા' મૃત્યુ પામ્યા ત્યારે ફેમિલી ડૉકટરે કહ્યું કે મેં કોઈ જુવાન માણસને આટલું ધોધમાર રડતો જોયો નથી.

ઘણીવાર મા-બાપને સમજવામાં સંતાનો ઊણા ઊતરે છે ને અન્યાય કરી બેસે પણ ખરાં... પણ જયારે મા-બાપની હયાતી ન હોય ત્યારે આ બધું સમજાય છે ત્યારે બહુ મોડું થઈ ગયું હોય છે... મા-બાપના હૈયામાં છુપાયેલું અપત્યવાત્સલ્યની ભીનાશ તો જીવનભર, ભીંજવતી જ રહે છે... 'નાશાદ' સાચે જ લખે છે;

છાના છાના ડંખ દે એવી ખુશી શું કામની ?
ખૂણે ખૂણે પહોંચે ના તો રોશની શું કામની ?
લાખ તસબીહ ફેરકો, લાખ સજદાઓ કરો,
મા ની સેવા ના કરી તો બંદગી શું કામની ?

જયારે જયારે વતન જતો ત્યારે અભણ ભલી-ભોળી 'મા'ની હેતાળ અસલ ગામઠી રસોઈની મીઠાશ આજેય યાદ આવે છે... માના પ્રેમની ઉષ્મા અને સુષમા અનુભવી શકું એવો હું સદ્ભાગી છું.

પુનઃ કવિ 'નૌશાદ' ની પંક્તિઓ યાદ આવે છે.

'આ જગતની મોહમાયામાં છો મમતા અવગણો,
કેટલા કીધા એણે અહેસાન કોઈ બોલે છે?
આપદામાં સૌ પ્રથમ આવે છે સૌને યાદ,
વાગે ઠોકર ત્યારે ઓ ભગવાન કોઈ બોલે છે?'

મા-બાપ તો સ્વર્ગે સીધાવ્યા, એમનાં ઊજળાં કર્મોએ જીવતરને રાહ ચીંધ્યો છે. એમની ભલાઈ, ખુમારી, આત્મગૌરવ, પરસન્માન, પરિશ્રમ અને પરગજુવૃત્તિ લોકમોંઢે આજેય જીવતી છે. એમના સદ્ગુણનો વારસો અમારું પ્રેરક બળ છે.

મહર્ષિ વ્યાસજી એ મહાભારતના શાંતિ પર્વમાં સાચે જ લખ્યું છે; માણસ ખરેખર વૃદ્ધ કયારે થાય છે? વેદવ્યાસ કહે છે કે 'માતાનો વિયોગ થાય ત્યારે માણસને પોતાની ઉંમર વધી ગયાનું ભાન થાય છે. આપણે ત્યાં દીકરાના દીકરા રમતા હોય પણ જો આપણી મા જીવતી હોય તો ૯૯ વર્ષે પણ આપણે પોતાને નાના બાળક હોઈએ એવું લાગે.'

'મા' ના જવાથી આયખાને વૃદ્ધત્વને ભેખ ધર્યો હોય એવું હવે તો ચોક્કસ અનુભવાય છે.

● ● ●

સતત પગરવ કરીને જાય જીવનમાં સ્મરણની ચાલ...

● ● ●

ચાલી ગઈ બા
છબીમાં યાદ, એના
સંસ્મરણોની

**સ્પર્શમણિ :**

સુખ, સંપત્તિ અને શીતળતા પામવાને
હે માનવી ! તું દોટ કાં મૂકે ?
જે માની ગોદમાં છે તે હિમાલયમાં પણ નથી હોતી.

- rasikvaland1965@gmail.com